**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી.III-૪૫-૨૦૧૫-૧૬**

ફરિયાદી : શ્રી મંગળભાઇ સોમાભાઇ પટેલ,
ઠે. એ-૭, સોમેશ્વર સોસાયટી,
નિર્ણય નગર રોડ,
. રાણીપ, અમદાવાદ.

રજુઆત કરનાર: શ્રી મંગળભાઇ સોમાભાઇ પટેલ પોતે.

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
લુણાવાડા-૨ સબ-ડીવીઝન.

રજુઆત કરનાર: શ્રી ટી. જી. બ્રહ્મભટ્ટ, નાયબ ઇજનેર,
શ્રી આર. બી. માલીવાડ, જુનીયર ઇજનેર,
એમજીવીસીએલ, લુણાવાડા-૨ સબ-ડિવિઝન. જી. મહિસાગર.

ફરીયાદીની તા. ૦૮.૦૨.૨૦૧૬ના રોજની થ્રી ફેઝ ટ્રાન્સફોર્મર ખસેડવા બાબતની અરજ.

તા. ૧૯.૦૨.૨૦૧૬ના રોજ ફરિયાદીની થ્રી ફેઝ ટ્રાન્સફોર્મર ખસેડવા બાબતની અરજ ગ્રાહક ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરિયાદી શ્રી મંગળભાઇ સોમાભાઇ પટેલ જાતે હાજર રહ્યા તથા સામાવાળા તરફે શ્રી ટી. જી. બ્રહ્મભટ્ટ, નાયબ ઇજનેર તથા શ્રી આર. બી. માલીવાડ, જુનીયર ઇજનેર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન, જી. મહીસાગર, એમ.જી.વી.સી.એલ. ના હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

(૧) ફરિયાદી ગામ વાડી ઉડાફા માં સર્વે નં. ૪૭, બ્લોક નં. ૫૬ ની માલિકી ધરાવે છે. ફરિયાદીએ થ્રી ફેઝ વીજ જોડાણ માંગેલ નથી છતાં એમ.જી.વી.સી.એલ. દ્વારા તેઓની જમીનમાં ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવેલ છે. જે ખસેડવા માંગણી કરેલ છે.

(૨) ફરિયાદીએ ટ્રાન્સફોર્મર ખસેડવા માટે સર્કલ રીડ્રેસલ કમિટિમાં ફરિયાદી કરેલ. સર્કલ રીડ્રેસલ કમિટિ ના એ "ટ્રાન્સફોર્મર શીફ્ટીંગના અંદાજપત્રના નાણાં ભરપાઇ કર્યેથી ટ્રાન્સફોર્મર હટાવવા" હુકમ કરેલ છે. આ હુકમ ફરિયાદીને મંજૂર ન હોવાથી ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

(૩) ફરિયાદી જણાવે છે કે તેઓ અમદાવાદ મુકામે રહેતા હોઇ સામાવાળાએ ક્યારે તેમના ખેતરમાં ટ્રાન્સફોર્મર ઉભું કરી લાઇન નાંખી તેની તેઓને જાણ હતી નહીં. જ્યારે જાણમાં આવ્યું ત્યારથી ત્યાંથી ટ્રાન્સફોર્મર તથા લાઇન ખસેડવાની કામગીરી કરાવવા માટે સામાવાળાને વારંવાર રજૂઆત તથા વિનંતી કરતા રહેલ છે. પરંતુ સામાવાળાએ ટ્રાન્સફોર્મર તથા લાઇન ખસેડેલ નથી. ફરિયાદીને વીજ જોડાણ મળેલ નથી. છતાં તેઓના કૂવાની નજીક ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવેલ છે તથા લાઇન નાંખવામાં આવેલ છે. જેથી ફરિયાદીએ ટ્રાન્સફોર્મર તથા લાઇન ખસેડવા માંગણી કરેલ છે.

ફરિયાદીએ તા. ૧૯.૦૨.૨૦૧૬ ના રોજ ફોરમ સમક્ષ હાજર રહી જણાવ્યું કે મેં મારા ખેતરમાં સૌર ઊર્જા મેળવેલ છે. મારા ખેતરમાં મારા કૂવાને અડીને ટ્રાન્સફોર્મર ઉભું કરેલ છે. અને તેના ઉપર વીજ લાઇનો નાંખેલ છે. જે મારા સૌર ઉર્જાના સાધનો ઉપરથી જાય છે. તે મારા સૌર ઉર્જાના સાધનોને નુકશાન કરી શકે છે. સૌર ઉર્જાના સાધનો ઉપરથી વીજળીના તાર જવાના કારણે વીમા કંપનીએ સૌર ઉર્જાના સાધનો (પેનલ) માટે મને વીમા પોલીસી આપતી નથી. તેથી હું મારા ખેતરમાં નાંખવામાં આવેલ ટ્રાન્સફોર્મર ખસેડવા માંગુ છું. ટ્રાન્સફોર્મર ખસેડવા માટે હું મારા ખેતરમાં બીજી બાજુ જગ્યા આપવા પણ તૈયાર છું તેમ છતાં સામાવાળા ટ્રાન્સફોર્મર ખસેડવા માટે અદાજપત્ર મુજબ નાણાં જમા કરાવવા જણાવે છે તે ભરવા હું તૈયાર નથી.

સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી ટી. જી. બ્રહ્મભટ્ટ, નાયબ ઇજનેર તથા શ્રી આર. બી. માલીવાડ, જુનીયર ઇજનેર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન, જી. મહીસાગર, હાજર રહ્યા અને જણાવ્યું કે, કાળુભાઇ સોમાભાઇ પટેલ દ્વારા સર્વે નં. ૧૯ માટે સન ૨૦૦૨ માં વીજ જોડાણ મેળવવા અરજી કરવામાં આવેલ. જેમાં બાકીના સહ માલિકો (જેમાં ફરિયાદીનો પણ સમાવેશ થાય છે) દ્વારા રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સહમતી આપવામાં આવેલ. સને ૨૦૧૨ માં સર્વે નં. ૧૯ માં સર્વે કરવામાં આવેલ પરંતુ સર્વે સમયે સ્થળ પર સર્વે નં. ૪૭ બતાવેલ (સર્વે નં. ૪૭ છે તે સર્વે ટીમને જણાવેલ નહીં.). તા. ૧૦.૦૧.૨૦૧૩ ના રોજ એસ્ટીમેટ સર્વે નં. ૧૯ માટે આપવામાં આવેલ તેમજ ફ્રેશ ડોક્યુમેન્ટ માંગવામાં આવેલ. તા. ૦૪.૦૨.૨૦૧૩ ના રોજ એસ્ટીમેટ ભરવામાં આવેલ. ટ્રાન્સફોર્મર અને લાઇનનું કામ થઇ ગયેલ છે. ટ્રાન્સફોર્મર ફરિયાદીના કહેવા મુજબ સર્વે નં. ૪૭ માં તેમના કૂવા પાસે ઉભું કરેલ છે. આ ટ્રાન્સફોર્મરમાંથી બીજા બે ખેતીવાડી વીજ કનેક્શન પણ આપેલ છે. ફરિયાદીએ ફેબ્રુઆરી-૨૦૧૫ માં સર્વે નં. ૪૭ માં સોલાર એનર્જી મેળવવા અરજી કરી માંગણી કરેલ. જે મંજૂર થઇને કામ થઇ ગયેલ છે. ફરિયાદીને સોલાર કનેક્શન મળતા તેમના ખેતરમાં ઉભું કરેલ ટ્રાન્સફોર્મર ખસેડવા માંગણી કરેલ છે. જે તે સમયે ફરિયાદીએ વાંધો લીધેલ ન હતો. પરંતુ સોલાર પાવર મળ્યા પછી વાંધો લીધેલ છે. તે દરમ્યાન બીજા બે કનેક્શન પણ આ ટ્રાન્સફોર્મરમાંથી રીલીઝ કરેલ છે. જેથી ટ્રાન્સફોર્મર ખસેડવા માટે ફરિયાદીને એસ્ટીમેટ આપવામાં આવેલ છે. પરંતુ તેઓએ ભરેલ ન હોઇ ટ્રાન્સફોર્મર ખસેડી શકાયું નથી. આ મુજબનો હુકમ સર્કલ રીડ્રેસલ કમિટિ દ્વારા પણ કરવામાં આવેલ છે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લીધા. ફરિયાદીએ તા. ૧૩.૧૧.૨૦૧૩ નો પત્ર સામાવાળાને લખીને જણાવેલ છે કે "જે જમીનમાં બોર કરેલ છે અને આપની ઓફિસના સ્ટાફ દ્વારા સર્વે કરેલ છે તે જમીન મારા ભાગમાં આવેલ છે અને આપે એસ્ટીમેટ આપ્યા પ્રમાણે જરૂરી રૂા. ૭,૮૦૦/- તા. ૦૪.૦૨.૨૦૧૩ ના રોજ ભરેલ છે." આ જ પત્રના પેરા-૧૩ માં ફરિયાદીએ લખેલ છે કે "ઓક્ટોબર-૨૦૧૩ ના છેલ્લા અઠવાડિયામાં ડી.પી. તથા વાયરનું જોડાણ નાંખી ગયેલ છે. પરંતુ કાયમી ધોરણે એટલે કે વીજ કનેક્શન ચાલુ કરેલ નથી." આમ જણાવી બને તેમ જલદી વીજ જોડાણ આપવા માંગણી કરેલ. આમ, અરજદારના માંગ્યા મુજબ અને જાણમાં હોવા મુજબ ડી.પી. તથા લાઇન નાંખવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદીએ સોલાર એનર્જી મેળવેલ હોવાથી તેઓને વીજ જોડાણની જરૂર ન હોવાથી ટ્રાન્સફોર્મર શીફ્ટીંગની માંગણી કરેલ છે. તેથી કંપનીના નિયમ મુજબ ફરિયાદીએ શીફ્ટીંગનો એસ્ટીમેટ ભરવો જોઇએ. તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# <u>હુકમ</u>

મધ્ય ગુજરાત વીજ કંપની ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી શ્રી મંગળભાઇ સોમાભાઇ પટેલ, ઠે. એ-૭, સોમેશ્વર સોસાયટી, નિર્ણય નગર રોડ, રાણીપ, અમદાવાદ ના એ શીફ્ટીંગના એસ્ટીમેટ ભર્યેથી ટ્રાન્સફોર્મર ખસેડી આપવું.

| | |
|---|---|
| (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (પી. જે. પટેલ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.

(૧) શ્રી શૈલેષકુમાર ની ઇચ્છા દુકાન સ્વતંત્ર તેમના નામે કરી આપવા માટેનો આગ્રહ છે. જે મને માન્ય છે અને તેની સામે રહેઠાણ શ્રી યતિનકુમારના નામે કરી આપવા પણ શ્રી શૈલેષકુમાર સંમત છે. તેથી હું ઉપર પ્રમાણે મોટા દિકરાને રણછોડજી મંદિર સામેની દુકાન તેના નામે કરી આપું છું અને ઉપરનું રહેઠાણ શ્રી યતિનકુમારના નામે કરી આપુ છું પરંતુ અમો બંને જીવીએ ત્યાં સુધી અમારે આ ઘરમાં રહેવાનું અબાધિત હક્ક રાખીને કરી આપું છું. જે માટે શ્રી યતિનકુમાર (નાનો દીકરો) સંમત થઇએ છીએ.